




# હવામાન ખાતાની આગાહીને પગલે સમગ્ર અમરેલી જિલ્લા સહિત સાવરકુંડલા શહેરમાં પણ હવામાન પલટો દેખાયો.

આકાશમાં કાળા ડિબાગ વાદળા જાણે વરસાદ તૂટી પડશે તેવી મુદ્રામાં વાદળો ઘેરાયા આકાશમાં વાદળોના દ્રશ્યો પણ અલગ પ્રકારના જોવા મળ્યા જોકે વરસાદ ક્યારે પડશે તે હજુ કાગડોળે રાહ જોવાની રહેશે

તારીખ : 03/06/2026

# વિશ્વ સાયકલ દિવસ



એપ્રિલ ૨૦૧૮માં, યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ 3 જૂનને આંતરરાષ્ટ્રીય વિશ્વ સાયકલ દિવસ તરીકે ઘોષિત કર્યો હતો.વિશ્વ સાયકલ દિવસ માટેના ઠરાવ મુજબ: "સાયકલ જે વિશિષ્ટ, દીર્ઘતા અને વૈવિધ્ય ધરાવતું અને ૨ સદીઓથી ઉપયોગમાં રહેલું સરળ, સસ્તું, વિશ્વસનીય, સ્વચ્છ અને પર્યાવરણને યોગ્ય ટકાઉ પરિવહન માધ્યમ છે."વિશ્વ સાયકલ દિવસ એ વૈશ્વિક ઉત્સવ છે, જે બધાં લોકો દ્વારા મનાવવામાં આવે છે. સાયકલને માનવની પ્રગતિ અને પ્રગતિના પ્રતીક તરીકે સહનશીલતા, પરસ્પર સમજણ અને આદરને પ્રોત્સાહન આપતું પ્રતિક મનાય છે જે સામાજિક સમાવેશ અને શાંતિની સંસ્કૃતિને ઉત્તેજન આપે છે.

સાયકલ ટકાઉ પરિવહનનું પ્રતીક છે અને ટકાઉ વપરાશ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સકારાત્મક સંદેશ આપે છે, અને હવામાન પર સકારાત્મક અસર પાડે છે.

વિશ્વ સાયકલ દિવસ હવે પ્રકાર ૧ અને ૨ ડાયાબિટીઝ વાળા લોકો માટે સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલ છે. તો ચાલો સાયકલ ચલાવીએ સ્વસ્થ રહીએ મસ્ત રહીએ.

તારીખ : 03/06/2026

# વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે અમરેલી આઈટીઆઈ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



31 મેના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવે છે વ્યસન મુક્ત કરવા માટે જનજાગૃતિ કાર્યક્રમનું સંસ્થાઓ, સ્કૂલોમાં આયોજન કરવામાં આવે છે જેમાં વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધા થકી વ્યસન પ્રત્યે લોકો જાગૃત થાય અને વ્યસન મુક્ત કરે તેવા પ્રયાસો અને જનજાગૃતિ ફેલાવવામાં આવે છે 31 મે 2026 રવિવારના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી અંતર્ગત સરકારી આઈ.ટી.આઈ. અમરેલી ખાતે વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે તમાકુને કહો ના, જિંદગીને કહો હા વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા.અમરેલી આઈ. ટી.આઈ. ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ તમાકુના વ્યસનથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે અસરકારક રજૂઆતો કરી હતી. નિબંધ સ્પર્ધામાં માદલીયા સુહાનીએ પ્રથમ, વેગડા ડિમ્પલે દ્વિતીય અને ધંધુકિયા મીતે તૃતીય સ્થાન મેળવી સફળતા હાંસલ કરી હતી. જાહેર આરોગ્ય કચેરી, અમરેલીના સહયોગથી યોજાયેલા સમારોહ દરમિયાન વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

# શ્રી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર રાજુલાની પૂજ્ય મોરારીબાપુ એ મુલાકાત લીધી,દર્દીઓના ખબર અંતર પૂછ્યા



3 જૂન 2026 બુધવારના રોજ રાજુલા ખાતે શ્રી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ખાતે પૂજ્ય મોરારીબાપુએ અચાનક હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને દર્દીઓના ખબર અંતર પણ પૂછ્યા હતા. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા રાજુલામાં પૂજ્ય મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં નવનિર્મિત 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલ છેવાડાના અને ગરીબ દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થઈ રહી છે, કારણ કે અહીં સંપૂર્ણપણે 100%નિઃશુલ્ક મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.પૂજ્ય મોરારીબાપુ અને સંતો-મહંતોની સાથે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસુરીયા સહિત રાજકીય સામાજિક આગેવાનો ધાર્મિક આગેવાનો શહેરીજનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.અને ભવ્ય લોકાર્પણ પ્રસંગે જોડાયા હતા.

આ સેવાકાર્ય શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ-રાજુલા અને શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન (સાવરકુંડલા) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું છે.100 બેડની આ અદ્યતન હોસ્પિટલ માં ગંભીર બીમારીઓ અને વિશેષ સારવારની સેવાઓ સ્થાનિક સ્તરે જ તદ્દન



મફત ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી લોકોનો અમદાવાદ કે રાજકોટ સુધીનો ધક્કો અને ખર્ચ બચી શકે છે ત્યારે આ આરોગ્ય મંદિરની તારીખ 3 જૂન 2026 બુધવારના રોજ પૂજ્ય મોરારીબાપુ એ અચાનક મુલાકાત લીધી હતી અને દર્દીઓના ખબર અંતર પણ પૂછ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદીર સંચાલિત

## શ્રી એમ.એલ. શેઠ ઇંગ્લીશ મિડીયમ સ્કુલ
## શ્રીમતી આઇ.પી. શાહ પ્રાયમરી સ્કુલ (ગુજરાતી માધ્યમ)

મહુવારોડ, વ્યાયામ મંદીર કેમ્પસ, સાવરકુંડલા. મો. ૭૦૮૧૦ ૭૦૭૯૦

: શૈક્ષણિક કાર્યક્ષેત્ર :
પ્લેહાઉસ - જુનીયર કેજી/સીનીયર કેજી તથા
ધો. ૧ થી ૮ અંગ્રેજી માધ્યમ/ ગુજરાતી માધ્યમ

## પ્રવેશ કાર્ય શરૂ છે..

આધુનિક ટેકનોલોજી સાથે અનોખુ શિક્ષણ
આપતી સાવરકુંડલાની એકમાત્ર શાળા

## શાળાની વિશેષતાઓ



- No ટયુશન કોન્સેપ્ટ... નબળા વિદ્યાર્થીઓ માટે વધારાની તાલીમ શાળા દ્વારા આપવામાં આવશે.
- No પ્રકાશન... (ધો. 6 થી 9, 11 માં ફક્ત પાઠ્ય પુસ્તક જ) જેથી વાલીઓના ખર્ચમાં ઘટાડો થશે.
- હોમવર્ક શાળા માં જ... (શિક્ષકશ્રી દ્વારા શાળામાં જ હોમવર્ક અને ઘરે આવ્યા બાદ ફક્ત વાંચન કરતું બાળક)
- સંસ્કાર સિંચનના કાર્યક્રમો માટે સતત સેમિનારો (વાલીશ્રી / વિદ્યાર્થી માટે)
- તમામ વર્ગખંડો ટેકનોલોજી સભર સ્માર્ટ બોર્ડથી સજ્જ.
- તમામ રમત–ગમતને પણ એટલું જ પ્રાધાન્ય.
- દુનિયામાં ધુમ મચાવી રહેલ રોબોટીક્સ લેબનો આવિષ્કાર આપણી શાળામાં જ બાળકો જાતે ડ્રોન બનાવશે. જાતે ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ બનાવશે.
- ધો. 6 થી 12 ફૂલ ડે સ્કૂલ
- દર મહિને બાળકોને સાવરકુંડલાના અલગ–અલગ સ્થળોની મુલાકાત.
- વિદ્યાર્થીની માટે બ્યુટી પાર્લર, મહેંદી કલાસ અને રસોઇ રેસીપી જેવી સ્કીલ આપતા કોર્ષની ફ્રી તાલીમ
- વિદ્યાર્થી માટે રીપેરીંગ કોર્ષ, વાણીજ્ય તાલીમની સુવિધા
- ધોરણ 9 માં વિદ્યાર્થી અને વિદ્યાર્થીની માટે અલગ અલગ વર્ગ ખંડો
- સૌથી ઓછી ફી



## પ્લે હાઉસ અને સોનલ બાલભવન વિભાગ

તત્પર છે.. આપના બાળકની આંગળી પકડી, ઉજ્જવળ ભવિષ્યનાં સપના સાકાર કરાવવા.

### માઇન્ડ ડેવલોપમેન્ટ

* સાયન્ટિફીક રમકડા
* પઝલ ગેઇમ્સ
* ક્રાફ્ટ્સ
* કલે
* સામાન્ય જ્ઞાન

### બાળકને ફીટ અને સ્માર્ટ બનાવતી પ્રવૃત્તિઓ

યોગા * મ્યુઝીકલ રૂમ * સેન્ડરૂમ - માટીરૂમ * જમ્પીંગ
ડે ફેસ્ટીવલ * ફીઝીકલ ફીટનેસ વધારતા રમકડા

### હેલ્થ અને સેફટી

R.O. વોટર પ્લાન્ટ * વોચમેન * ફર્સ્ટ એડ કીટ
A.C. સુવિધા * માતાતુલ્ય સ્ટાફ

## પ્રવેશ કાર્ય શરૂ

ધો. ૯-૧૦ ગુજરાતી/અંગ્રેજી માધ્યમ

ધો. ૧૧-૧૨ (કોમર્સ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ

ધો. ૧૧-૧૨ (સાયન્સ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ

પ્રવિણભાઇ પારેખ (પ્રમુખ)
દિપકભાઇ શેઠ (ઉપપ્રમુખ)
વિનુભાઇ રાવળ (મેને. ટ્રસ્ટી)
પરેશભાઇ જોષી (કેમ્પસ ડિરેક્ટર)

તારીખ : 03/06/2026

# સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ગામની સુરત ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



સાવરકુંડલા તાલુકાના વાશીયાળીના ગામ સમસ્ત પરીવાર દ્વારા સુરત ખાતે આયોજિત વાંશીયાળી પ્રીમિયર લીગ V P L ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ક્રિકેટ ટુનામેન્ટમાં મૂળ વાશીયાળી ગામના અને હાલ સુરત, અમદાવાદ, મુંબઈ વગેરે શહેરોમાં રહેતા તમામ જ્ઞાતિ સમાજના યુવાનોએ પોતાની ટિમો બનાવી ક્રિકેટ મેચો રમ્યા હતાં.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શાળા માટે સ્ટાફ જોઈએ છે...

આપણી શાળા સંકુલ માટે માયાળુ, જિજ્ઞાસુ, કવોલીફાઈડ શિક્ષિકા બહેનો જોઈએ છે...

## શિક્ષિકા બહેનો-૩
## ધો. ૧ થી ૪ લઈ શકે તેવા

## અનુભવીને પ્રથમ પસંદગી

: કવોલીફીકેશન :
P.T.C./B.A./B.Com/ M.Com/M.A./M.Com

તમામ ડોક્યુમેન્ટ્સ તથા
સ્વ અક્ષરે લખેલી અરજી સાથે રૂબરૂ મળો..

# પ્રિયાંશી સ્કૂલ

નિલેષનગર, જેસરરોડ, સાવરકુંડલા.
મો. 94285 85885/97147 51168

તારીખ : 03/06/2026

# સંસદશ્રી અને ધારાસભ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે નાની કુંડળમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



અમરેલી જિલ્લાના નાની કુંડળ ગામ સ્થિત પવિત્ર ત્રિવેણી માતાજી ધામ ખાતે મહંત શ્રી અવધબિહારી બાપુના પાવન સાનિધ્યમાં અમરેલી સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા તથા લાઠી દામનગર બાબરાનાધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંદેશ સાથે યોજાયેલાઆ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ વૃક્ષોનું જતન કરી પર્યાવરણને સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મહંત શ્રી અવધબિહારી બાપુએ બંને જનપ્રતિનિધિઓના દીર્ઘાયુષ્ય, ઉત્તમ-સ્વાસ્થ્ય અને સતત જનસેવા માટે ત્રિવેણી માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી.આ કાર્યક્રમમાં બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ હોદ્દેદારો, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ રાજકીય સામાજિક આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે સેવા કાર્ય સાથે ધાર્મિક વાતાવરણમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

તારીખ : 03/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હૃદયપુર્વક આભાર

અમોએ ડાયમંડ વેડીંગ કલેકશન લીમડી ચોક સાવરકુંડલાથી લગ્ન પ્રસંગ માટે ચોલી ભાડે લીધેલ હતી. જયારે અમે તે ચોલી પરત કરતા તેની સાથે અમારી ચાંદીની ઝાંઝરી (પાયલ) ચોલીની સાથે ગયેલ જે ડાયમંડ વેડીંગ કલેકશનના માલીક શબ્બીરભાઈ કાજી, જસ્મીનબેન કાજીએ અમોને ફોન કરીને જાણ કરી હતી અને પરત કરેલ છે. જે પ્રામાણિકતા બદલ અમો તેમનો આભાર વ્યકત કરીએ છીએ.

**લી. સોનલ મનોજભાઈ**

તારીખ : 03/06/2026

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ દેહદાન અને ચક્ષુદાન સ્વીકાર્યું



સાવરકુંડલા તાલુકા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બ્રાંચ દ્વારા સાવરકુંડલા અને આસપાસના સોસાયટી તાલુકામાં સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. ત્યારે સાવરકુંડલા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા સવિતાબેન ધીરજલાલ ચોડવડીયાનું અવસાન થતા તેમનું ચક્ષુદાન અને દેહ સ્વીકાર્યું હતું. મેહુલભાઈ વ્યાસ દ્વારા 50 કરતા વધુ દેહદાન અને 686 ચક્ષુદાન સ્વીકાર્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 03/06/2026
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાતમી વાર્ષિક પુણ્યતિથિએ

# માઁ નું સ્મરણ



# સ્વ. મણીબેન ગોવિંદભાઈ બગડા

(ઉ.વ.૯૬) સ્વ.તા. ૩/૬/૨૦૧૯

કદી ન ભુલાય તેવી તમારી સ્મૃતિ
અમારા હર ધબકારમાં છે. પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..

## આપનો પૌત્ર દેવકુમાર જી. બગડા

તથા મારા મમ્મી-પપ્પા તેમજ બગડા પરિવારના
ઓમ નમઃ શિવાય

તારીખ : 03/06/2026

# અમરેલીમાં તા.૦૫ જુનના રોજ અનુબંધમના માધ્યમથી રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા. 03 જુન,૨૦૨૬ (બુધવાર) - અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૦, ધો. ૧૨ તથા સ્નાતક, ધો. ૧૦ (કોમ્પ્યુટર નોલેજ), સેલ્સ ઓફિસર ટેક્નિશિયન-ડિપ્લોમા, બી.એસ.સી, મશીન ઓપરેટર, ટ્રેઈની-બી.ફાર્મ,ઓટો મોબાઈલ શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે  અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળાનું આયોજન તા. ૦૫.૦૬.૨૦૨૬ના રોજ સવારે ૧૧:00 કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, અમરેલી ખાતે કરવામાં આવેલ છે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup  પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે,
તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 03/06/2026

# વાવણીની મોસમમાં પ્રાકૃતિક ખેતી કરતા કૃષિકારો માટે જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત

## ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનની ફળદ્રુપતા વધે છે અને જમીન રસાયણોના પ્રભાવથી મુક્ત થાય છે

## જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી થાય છે

આલેખન : જય મિશ્રા

અમરેલી તા.૦૩ જૂન, ૨૦૨૬ (બુધવાર)

ચોમાસાના પગરવ મંડાઈ ગયા છે. જગતના તાત ખેડૂત પોતાના ખેતરમાં ચાસ પાડી વાવણી માટે ખેતરો તૈયાર કરી રહ્યા છે. વાવણીની મોસમ ખેડૂત માટે નવા વર્ષના સૂકન અને આશાઓ લઈને આવે છે. આ મોસમમાં પ્રાકૃતિ તરફ વળી અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતો માટે શ્રેષ્ઠ સમય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. રાજ્યને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ યુક્ત બનાવવા માટે મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. ખેડૂતો રાસાયણિક ખાત છોડી અને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા વધારી શકે છ અને રસાયણોના પ્રભાવથી જમીનને થતી આડ અસરને લાંબા ગાળા માટે અટકાવી શકે છે. રાસાયણિક ખાતરને બદલે જીવામૃત : ખેડૂતોએ આ પદ્ધતિ દ્વારા ખેતી કરતી વેળાએ રાસાયણિક ખાતરને બદલે જીવામૃત વાપરવું જોઈએ. આ જીવામૃત તૈયાર કરવા માટે દેશી ગાયનું ગૌમૂત્ર ૧૦ લીટર + દેશી ગાયનું તાજું છાણ ૧૦ કિ.ગ્રા, + ઝાડ નીચે પડેલા શેઢા પાળા વાડની માટી ૧ મુઠી + દેશી ગોળ ૧ કિ.ગ્રા + ચણા ૧ કિ.ગ્રા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવું. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૫-૦૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે-ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં આવી રીતે જીવામૃત બની જશે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે. વાપરવાની રીત : આ જીવામૃતને એક એકર માટે ૨૦૦ લીટર ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો. ઘન જીવામૃત તૈયાર કરવાની રીત : સખત તાપમાં સૂકવેલ ઘન ૨૦૦ કિ.ગ્રા, ચાળણીથી ચાળેલા દેશ ગાયના છાણના પાવડરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ત્યારબાદ ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી અને ત્યારબાદ પાતળું સ્તર કરી સૂકવવું.

આ સ્તરને દિવસમાં ૨-૩ વાર ઉપર નીચે કરવું. સૂકાઈ જાય ત્યારબાદ તેના ગાંગડાનો ભૂક્કો કરી એક વર્ષ સુધી તે વાપરી શકાય છે. વાપરવાની રીત : ઘન જીવામૃત જમીનમાં અંતિમ ખેડાણ પહેલાં પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા અને ફુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા આપવું. ફાયદા : જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી બને છે. તેમજ તે સુષુપ્ત અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી છોડના મૂળને પ્રાપ્ત કરાવે છે. આનાથી છોડની રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને નાઈટ્રોજનની ઉપલબ્ધિ વધે છે.

કોઈ પણ પ્રકારની ખેતી પ્રવૃત્તિમાં કૃષિ પદ્ધતિથી તૈયાર કરાયેલ જીવામૃત/ઘન જીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ. આવું કરવાથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા અને પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ભેજ સંગ્રહની ક્ષમતા વધે છે અને ઉત્પાદનમાં વધારો થાય છે.

માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. પાણી બચત સાથે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે.

## દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી રસાયણિક ખાતરયુક્ત ખેતી છોડવા માટે ખેડૂતોને આહ્વાન

કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

# અમરેલીમાં ગુજ્જર સુથાર સમાજના વિદ્યાર્થીઓનું વિશ્વકર્માં યુવક મંડળ તરફથી વિદ્યાર્થીઓને વિનામુલ્યે ચોપડા વિતરણ...



અમરેલી ગુજ્જર સુથાર સમાજના વિદ્યાર્થીઓનું વિશ્વકર્માં યુવક મંડળ તરફથી છેલ્લા દસ વર્ષથી વિનામૂલ્ય ચોપડા વિતરણ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામઅને પુરા સમાજનું જમણવાર અને નાસ્તા નો કાર્યક્રમ અવિરત પણે કરે છે તેમજ વેલકમ નવરાત્રીનું પણ સુંદર આયોજન કરે છે અને વિશ્વકર્માં તેરસ નિમિત્તે શોભાયાત્રા નું પણ ખૂબ સુંદર એવું આયોજન કરે છે. ત્યારે અમરેલીમાં ગુજ્જર સુથાર સમાજના વિદ્યાર્થીઓનું વિશ્વકર્માં યુવક મંડળ તરફથી વિદ્યાર્થીઓને વિનામુલ્યે ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતા.

તારીખ : 23/05/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લાડકવાઈ અનાયશાનો જન્મદિવસ અનોખી

## સેવા અને સંસ્કારની ઉજવણી સાથે મનાવાશે





ચલાલા કારીયા પરિવારની લાડકવાઈ પુત્રી ચિ. અનાયશા આજે તા. ૪ જૂનના રોજ જીવનના બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહી છે. આ અવસરે સમગ્ર કારીયા પરિવાર હર્ષ અને આનંદની લાગણી સાથે અનાયશાનો જન્મદિવસ ધામધૂમપૂર્વક ઉજવશે.સામાન્ય રીતે જન્મદિવસની ઉજવણી પરિવારજનો અને મિત્રો વચ્ચે કરવામાં આવતી હોય છે, પરંતુ નાની વયથી જ સેવા, સંસ્કાર અને માનવતાના મૂલ્યોનું સિંચન થાય તેવા શુભ આશય સાથે ચિ. અનાયશાનો જન્મદિવસ ઝૂંપડપટ્ટીમાં વસતા બાળકો સાથે ઉજવવામાં આવશે. આ પ્રસંગે અનાયશા બાળકો સાથે વિવિધ રમતો રમી, તેમની સાથે બેસીને અલ્પાહાર અને નાસ્તો કરશે તથા સૌ સાથે ખુશીઓ વહેંચી જન્મદિવસને યાદગાર બનાવશે.ચલાલાના વતની અને હાલ અમદાવાદ નિવાસી પિતા શ્રી દિશાંતભાઈ કારીયા તથા માતા શ્રીમતી ભાગ્યશ્રીબેન કારીયાની લાડકવાઈ પુત્રી અનાયશાને જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, સ્નેહીજનો અને શુભેચ્છકો તરફથી શુભકામનાઓનો ધોધ વરસી રહ્યો છે.અનાયશાના દાદા ચલાલાના જાણીતા પત્રકાર અને રાજકીય-સામાજિક આગેવાન શ્રી પ્રકાશભાઈ કારીયા, દાદી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી ગીતાબેન કારીયા, પરદાદી શારદાબા, પરકાકા વિપુલભાઈ કારીયા, નિલેશભાઈ કારીયા, પરકાકી નિશાબેન, ફિયા યાના, ખુશી અને કાવ્યા તેમજ વર્ષાબેન અને નિકિતાબેન સહિત સમગ્ર પરિવાર જન્મદિવસની ઉજવણીમાં સહભાગી બનશે.તેમજ અંકલ દીપ, ગોપાલ અને હર્ષિલ, ભાવનગરથી નાનુ કેતનભાઈ તથા નાની અંજનાબેન, આંટી નેહા બેન પણ આ શુભ અવસરે ઉપસ્થિત રહેશે. વિશેષ આનંદની વાત એ છે કે મામુ કશ્યપભાઈ અને માસી ફોરમબેન ખાસ કેનેડાથી આવી અનાયશાના જન્મદિવસની ઉજવણીમાં જોડાયા છે. તેમની ઉપસ્થિતિમાં કેક કટિંગ સહિતના કાર્યક્રમો યોજાશે અને સમગ્ર પરિવાર આ અવસરને ભવ્ય અને સ્મરણિય બનાવશે.લાડકવાઈ અનાયશાના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો દ્વારા તેના સુખી, સ્વસ્થ, સંસ્કારી અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે. જન્મદિવસની આ સેવા, સંવેદના અને પ્રેમથી ભરપૂર ઉજવણી સમાજ માટે પણ પ્રેરણારૂપ બનશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે.અનાયશા બેટીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ. ભગવાન તેને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ, સમૃદ્ધિ અને સંસ્કારમય જીવન બક્ષે તેવી હાર્દિક પ્રાર્થના.

તારીખ : 03/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં



લાઈવ કેક માટે મુલાકાત લ્યો

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## U. N. laliya

HAPPY BIRTHDAY



કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

ના નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 03/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3412**
**03/06/2026**
**Wednesday**

आत्मा

सृजन व संहार के
दोनो "अनुभव" अब
बटने वाले है।

बाबास्वामी
3/6/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

તારીખ : 03/06/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

**વ્યક્તિની ખુદની ગેરહાજરીમાં,
વ્યક્તિને બચાવની કે
અપીલની તક આપ્યા વિના,
સ્વાર્થી, ચાલબાજ અને
પૂર્વગ્રહયુક્ત જજ વ્યક્તિ
ગુનેગાર હોવાનો ચુકાદો આપી
દે એનું નામ નિંદા**




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**કેરી જેટલી** ખાવી હોય એટલી ખાઈ લેજો.કેમ કે અંબાલાલ ગમે ત્યારે ભજીયા ના તાવડા મૂકાવશે.....

**ચિન્ટુ વાઈફ** સાથે એક્ટિવા પર જતાં એક મોટા બમ્પ પરથી પસાર થયો અને એક્ટિવા પર થી એની વાઈફ ઉછળી ને પડી. દવાખાને સારવાર કરાવી સારી તો થઈ ગઈ પણ.એની વાચા જતી રહી.એનો મિત્ર રઘો ખબર પૂછવા ગયો : ભાભીને સારૂ છે ને હવે તો?

ચિન્ટુઃ હા, હવે સારું છે..મોન્ટુ

હે ચિન્ટુ, ઈ બમ્પ કઈ જગ્યાએ આવેલો છે?

ચિન્ટુઃ આવું પૂછનાર તું અઢારમો છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૩ જુન
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૮૮૩ – વિનાયક મહેતા, ગુજરાતી લેખક અને નાટ્યકાર (અ. ૧૯૪૦)
૧૮૯૦ – બાબુરાવ પેઈન્ટર, ભારતીય ફિલ્મ દિગ્દર્શક. (અ. ૧૯૫૪)
૧૯૧૨ - નાથાલાલ દવે, ગુજરાતી સાહિત્યકાર. (અ. ૧૯૯૫)
૧૯૨૪ – એમ. કરુણાનિધિ, ભારતીય પટકથા લેખક અને રાજકારણી, તમિલનાડુના ત્રીજા મુખ્યમંત્રી (અ. ૨૦૧૮)
૧૯૨૯ – ચીમનભાઈ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી (અ. ૧૯૯૪)
૧૯૩૦ – જ્યોર્જ ફર્નાન્ડિઝ, ભારતીય પત્રકાર અને રાજકારણી, ભારતના પૂર્વ સંરક્ષણ મંત્રી (અ. ૨૦૧૯)
૧૯૩૬ – તરલા દલાલ, ભારતીય રસોઈકળાના નિષ્ણાંત (અ. ૨૦૧૩)
૧૯૬૬ – વસીમ અક્રમ, પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર.
૨૦૦૮ – હર્ષાલી મલ્હોત્રા, બાળ અભિનેત્રી

**અવસાન**

૧૯૨૪ – ફ્રાન્ઝ કાફકા, આધુનિક યુરોપીય કથાસાહિત્યના અગ્રણી પ્રયોગશીલ સર્જક (જ. ૧૮૮૩)
૧૯૫૬ – વામનરાવ જોશી, મરાઠી પત્રકાર, નાટ્યકાર અને સ્વતંત્રતા સેનાની. (જ. ૧૮૮૧)
૧૯૭૬ – જિનવિજયજી, પ્રાકૃત અને સંસ્કૃતના પ્રકાંડ જૈન પંડિત અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ (જ. ૧૮૮૮)
૧૯૯૪ – ત્રિભુવનભાઈ પટેલ, ખેડા ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયનના સ્થાપક. (જ. ૧૯૦૩)
૨૦૧૪ – ગોપીનાથ મુંડે, ભારતીય રાજકારણી, મહારાષ્ટ્રના ત્રીજા નાયબ મુખ્યમંત્રી (જ. ૧૯૪૯)
૨૦૧૬ – મુહમ્મદ અલી, અમેરિકન બોક્સર (જ. ૧૯૪૨)

**તહેવારો અને ઉજવણીઓ**

વિશ્વ સાયકલ દિવસ

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 03/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

---

## વિદ્યાર્થીઓ માટે



રફ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

---

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 03/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
|---|---|---|---|
| 69K | 50K | 28K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**